For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# દુબઇથી ફ્રોડ કરતી સાયબર ગેંગ સુરતમાં ઝડપાઇ

**ઊંચા** વળતરની લાલચ આપી રોકાણકારોને ખંખેરતા હતા

**26** રાજ્યોમાં આ ગેંગ વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ છે

સુરત : સુરતમાં શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી એક આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ગેંગનો સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે પર્દાફાશ કર્યો છે. આ ગેંગે 235 કરોડથી વધુના બેંક ટ્રાન્ઝેક્શન અને અંદાજિત 100 કરોડના 'આંગડિયા' વ્યવહાર દ્વારા લોકોને શિકાર બનાવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આ છેતરપિંડીનો વ્યાપ એટલો મોટો છે કે, જે બેંક એકાઉન્ટ મળ્યા છે તેની સામે દેશભરના 26 રાજ્યોમાં આ ગેંગ વિરુદ્ધ ફરિયાદો નોંધાઈ છે. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી

...અનુસંધાન પાના 10 પર

### પકડાયેલા આરોપીઓ

(1) ડેનીશ ઉર્ફે હેમલ નવીનચંદ્ર દયાલાલ ધાનક (ઉંમર 38, ધંધો-વેપાર, રહે. રાજકોટ. મૂળ ગામ-ધ્રાપા, તા. જી. ભાવનગર)
(2) જયસુખભાઈ રામજીભાઈ જાદવભાઈ પટોળીયા (ઉંમર 44, ધંધો-એજન્ટ, રહે. સુરત. મૂળ ગામ-પ્રેમપરા, તા.-ધારી, જી. અમરેલી)
(3) યશકુમાર કાળુભાઈ રામજીભાઈ પટોળીયા (ઉંમર 25, ધંધો-વેપાર, રહે. સુરત. મૂળ ગામ-પ્રેમપરા, તા.-ધારી, જી. અમરેલી)

### છેતરપિંડીની મોડસ ઓપરેન્ડી

આ ઠગ ગેંગ IV Trade (ઇનોવેટિવ ટ્રેડ) અને Sky Growth Wealth Management જેવી બોગસ કંપનીઓ ઊભી કરીને લોકોને શેરબજારમાં રોકાણ કરવાથી અકલ્પનીય વળતર મળશે તેવી લોભામણી વાતો કરતી હતી. તેઓ રોકાણકારોને દર મહિને 7% થી 11% જેટલું આકર્ષક રીટર્ન આપવાની લાલચ

...અનુસંધાન પાના 10 પર

### પોલીસે રાજકોટ અને સુરતમાં દરોડા પાડી કાર્યવાહી કરી

સુરત સાયબર ક્રાઈમ સેલ દ્વારા ગત તા. 21 જૂન ના રોજ વીઆઈપી સર્કલ પાસે, ઉત્રાણ, સુરત શહેર ખાતે આવેલી IV Trade (ઇનોવેટિવ ટ્રેડ) ની ઓફિસ નંબર 914, બિલ્ડિંગ બી, પ્રગતિ આઈ.ટી. પાર્ક પર ખાનગી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન

...અનુસંધાન પાના 10 પર

### આ પ્રકારની સ્કીમ રોકાણ કારને આપી હતી

**બ્રોન્ઝ:** 25000 ડોલર (લગભગ 20.85 લાખ) નું રોકાણ
**સિલ્વર:** 50000 ડોલર (લગભગ 41.70 લાખ) નું રોકાણ
**ગોલ્ડ:** 100000 (લગભગ 83.40 લાખ) નું રોકાણ
**પ્લેટિનમ:** 250000 ડોલર (લગભગ 2.08 કરોડ) નું રોકાણ





(તસવીર : સતીષ જાદવ)

**સુરત ખાતેથી જપ્ત કરાયેલો મુદ્દામાલ**

| | | |
|---|---|---|
| 04 મોબાઇલ ફોન (કિંમત 1,52,000) | 03 ટેબ્લેટ (કિંમત 75,000) | 01 ચેકબુક |
| 05 લેપટોપ (કિંમત 2,10,000) | 08 ડાયરી | 01 ચેક |
| | 01 રાઉટર (કિંમત 500) | 01 લાઇટ બિલ |
| | | રોકડા રૂપિયા: 20,02,000 |

**રાજકોટ ખાતેથી જપ્ત કરાયેલો મુદ્દામાલ**

| | | |
|---|---|---|
| 03 મોબાઇલ ફોન (કિંમત 1,25,000) | 02 ટેબ્લેટ (કિંમત કિંમત 6000) | 01 સી.પી.યુ. |
| 05 પાનકાર્ડ | 01 Sky Growth Wealth Management નો સ્ટેમ્પ | રોકડા રૂપિયા: 16,85,280 |
| 03 કંપનીના દસ્તાવેજો | | |

કુલ જપ્ત કરાયેલી રોકડ: 36,87,289 (આશરે રૂ.40 લાખનો આંકડો મળી આવેલી રોકડ અને અન્ય જપ્ત કરેલી સામગ્રીનો કુલ અંદાજિત હતો.)

### આરોપી હરીશ મકવાણા લેપટોપમાં તમામ ડેટા લઈને દુબઇ ભાગી ગયો

સાયબર ક્રાઈમ પોલીસે રાજકોટ ખાતે શીતલપાર્ક ચોકમાં 11માં માળે આવેલી ધ એસપાયર બિલ્ડીંગમાં ડેનીસ ઉર્ફે હેમલ નવીનચંદ્ર ધાણક( રહે ,શીપન ઓનીક્સ, ગંગોત્રી પાર્ક, રાજકોટ )ની ઓફિસમાં રેડ કરી હતી.જ્યાંથી ડોક્યુમેન્ટ્સ, મોબાઈલ ફોન અને અલગ-અલગ જમીન તેમજ બિલ્ડીંગની ઓફિસના દસ્તાવેજો પણ પોલીસને મળી આવ્યા હતા.રાજકોટની ઓફિસનુ સંચાનલ ડેનીશ કરતો હતો અને સુરતની ઓફિસથી આવતા રૂપિયા આંગડીયા મારફતે દુબઈ ખાતે પિતા અને ભાઈને મોકલી આપતો હતો.જોકે પોલીસની

...અનુસંધાન પાના 10 પર

### થાઈલેન્ડ અને દમણમાં ગોલ્ડ બીચ રિસોર્ટમાં પાર્ટી આપવામાં આવતી હતી

સુરતથી ઓપરેટ થતા રેકેટમાં કસ્ટમરોને ફોન કરીને ગ્રાહકોને ઓફિસે બોલાવીને શેરમાં રોકાણ કરવા માટે અલગ-અલગ પ્લાન બતાવવામાં આવતા હતા.જેમાં 1 લાખના રોકાણ પર મહિને 7 ટકા પ્રોફીટ એક્સપ્રેસ ડાયમંડ પ્લાનમાં 9 હજારથી રકમ વધારીને ઈન્વેસ્ટમેન્ટ કરે તો મહિને 11 થી 18 ટકા લેખે રિટર્ન આપવાની લાલચ આપવામાં આવતી હતી. આ ઉપરાંત ગ્રાહકોને આકર્ષવા માટે કેટેગરી પ્રમાણે થાઈલેન્ડ, વરાછા રીયો કાર્નીવલ અને દમણમાં ગોલ્ડ બીચ રિસોર્ટમાં પાર્ટી પણ આપવામાં આવતી હતી.

### આ 14 આરોપીની શોધખોળ

આ કેસમાં દિપેન નવીનચંદ્ર ધાનક, નવીનચંદ્ર દયાલાલ ધાનક, સૌરવ જયેશભાઈ સાવલીયા, વિપુલકુમાર કાંતીભાઈ સાવલીયા, વિશાલ ગૌરાંગભાઈ દેસાઈ, અલ્પેશ લાલજીભાઈ વઘાસીયા, ઝરીત હિતેશભાઈ ગૌસ્વામી, હરીશ મકવાણા, તરૂણભાઈ, બંટી પરમાર, અને મયુર સોજીત્રા નાસતા-ફરતા છે.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષ સ્થાને ખાડીપૂરને ખાળવા માટે બેઠક

# સિલ્ટિંગ, આજુબાજુમાં બાંધકામ અને કુદરતી વહેણને ડાયવર્ટ કરવાને કારણે ખાડીપૂર આવ્યું

**બેઠકમાં** હાઈપાવર કમિટી બનાવવા માટે નિર્ણય કરાયો, કમિટી દ્વારા સરવે કરીને નિર્ણય કરાશે

**ખાડી** ઉપર દબાણના કપરા કિસ્સા, ગૂગલ મેપની ઇમેજ જોઇ સી.આર. પાટીલ પણ ચોંકી ઊઠ્યા

સુરતઃ સુરતમાં આવેલા ખાડીપૂરની પાછળ તંત્રની બેદરકારી અને નિયમોનો ભંગ કરાયો હોવાનું બહાર આવ્યું છે. ખાડી કિનારે આડેધડ થયેલા બાંધકામો અને દબાણોની હકીકત સિંચાઈ વિભાગે સામે લાવી મૂકી છે. સી.આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી અઢી કલાક લાંબી બેઠકમાં 25 મીનિટ સુધી સિંચાઈ વિભાગે વર્ષ 2012 અને 2025ની ગુગલ ઈમેજ દર્શાવીને કેટલા મોટાપાયે ખાડીઓ પર દબાણ કરાયા છે તેનો પર્દાફાશ કરતું પ્રેઝન્ટેશન આપ્યું હતું.

ખાડીપૂરની પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને આજે સર્કીટ હાઉસ ખાતે કેન્દ્રિય મંત્રી સી.આર.

...અનુસંધાન પાના 10 પર

### ખાડીપૂર અટકાવવા લાંબા અને ટૂંકા ગાળાનાં આયોજનો કરવા મેં સૂચના આપી છે: કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

ખાડીપૂર માટે લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના આયોજનો કરવાની જરૂરીયાત છે. લાંબા ગાળાના આયોજનો માટે સિંચાઈ, મનપા, કલેક્ટર સહિતના સંબંધિત તમામ વિભાગોનો સમાવેશ કરતી હાઈપાવર કમિટી બનાવવા માટે મેં જણાવ્યું છે. આ હાઈપાવર કમિટી સરવે કરી રિપોર્ટ આપશે, જે રિપોર્ટના આધારે આગામી આયોજન નક્કી કરાશે. અગ્રતાના ધોરણે હાઈપાવર કમિટીની રચના કરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા મેં તાકીદ કરી છે. ઉપરાંત ટૂંકા ગાળાના આયોજનો માટે પણ મેં કહ્યું છે કે, કચરાના નિકાલની સાથે સાથે મિંઢોળા નદીમાં ખાડીના પાણીનો સીધો નિકાલ થાય તેવા આયોજનો પણ કરવામાં આવે તેમ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે જણાવ્યું હતું.

### ખાડીપૂર નિવારવા માટે ખાડીની પહોળાઇ વધારવી, બિનઅધિકૃત બાંધકામો દૂર કરવા જોઈએ

બેઠક દરમિયાન સુરત શહેરમાં આવતા ખાડીપૂરને નિવારવા માટે નર્મદા જળસંપત્તિ અને કલ્પસર વિભાગ દ્વારા ખાડીઓને નિયમિત રીતે ડિસિલ્ટીંગ કરવામાં આવે. ખાડીની પહોળાઈ વધારવામાં આવે તેમજ ખાડીની આજુબાજુ બિનઅધિકૃત બાંધકામ થકી કરવામાં આવેલા દબાણો

...અનુસંધાન પાના 10 પર

### ખાડી કિનારે 9 મીટરની અંદર કોઈપણ પ્રકારનું બાંધકામ થવું જોઈએ નહીં: સિંચાઈ વિભાગ

સિંચાઈ વિભાગના રિપોર્ટ મુજબ, ખાડી કિનારે કાયદેસર રીતે 9 મીટરની અંદર કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું અસ્વીકાર્ય છે. ખાડી કિનારે બાંધકામ કરવા માટે સિંચાઈ વિભાગની એન.ઓ.સી. લેવી ફરજિયાત હોય છે. તેમ છતાં તંત્રએ ફાયનલ પ્લોટ ફાળવી દીધા છે અને તેમાં બાંધકામો માટે પણ મંજૂરીઓ આપી દીધી છે.

### 14થી 15 કિમી વિસ્તારમાં દબાણ, 10 કિમીમાં ખાડી પૂરી દેવાઈ

મૂલ્યાંકન અનુસાર લગભગ 14થી 15 કિમી સુધીના વિસ્તારોમાં સીધા દબાણો કરવામાં આવ્યા છે, જ્યારે આશરે 10 કિમી જેટલી ખાડી પૂરી નાંખવામાં આવી છે. આ માત્ર ગેરકાયદે નથી, પરંતુ પર્યાવરણીય અને નદી-પ્રવાહ પર ગંભીર નુકસાનકર અસર પેદા કરે તેવા કાર્યો છે.

### સિંચાઈ વિભાગ ખાડી કિનારાના ઝીંગા તળાવો તાકીદે દૂર કરાવે, રેલવે બ્રિજ નીચે ગંદકી હટાવો

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે બેઠકમાં સિંચાઈ વિભાગને ખાડીના કિનારે આવેલા ઝીંગાના તળાવો તાત્કાલિક દૂર કરવા તેમજ રેલવેના અધિકારીને ખાડી પર આવેલા રેલવે બ્રિજ નં-૪૪૦ અને ૪૪૨ પાસે ખાડીમાં ડ્રેજિંગ કરાવવા માટે પણ તાકીદ કરી હતી.

### સુરતમાં ખાડીના પાણી ભરાવાનાં મુખ્ય કારણો

- ખાડીમાં સિલ્ટીંગ થવાને કારણે ખાડીની ક્ષમતા ઓછી થવી.
- ખાડીની આજુબાજુ બાંધકામ થવાથી વહેણ સાંકડું થવું.
- ખાડીના ડ્રેઈન અને સબ ડ્રેઈનમાં દબાણ થવું.
- ખાડીમાં કચરાનો નિકાલ બરાબર ન કરવો.
- ખાડીના કુદરતી વહેણને ડાયવર્ટ કરવાથી આજુબાજુના વિસ્તારમાં પાણીનો ભરાવો થાય છે.

સચિન સરસ્વતી હિન્દી વિદ્યાલયમાં 14 વર્ષીય વિદ્યાર્થીનો અપમૃત્યુ કેસ હજુ વણઉકેલ્યો

# સરસ્વતી સ્કૂલમાં પ્રિન્સિપાલે વિદ્યાર્થીને કેબિનમાં તમાચો માર્યો હતો? બંધ CCTVથી રહસ્ય ઘેરાયું

**પોલીસે** શાળા સંચાલક પ્રદીપ પંડ્યા અને અશોક ત્રિવેદીનાં નિવેદન નોંધ્યાં, ડીવીઆર એફએસએલમાં બેકઅપ માટે મોકલાયાં

**આચાર્યની** કેબિન ઉપરાંત સ્કૂલના એન્ટ્રી-એક્ઝિટ ગેટના CCTV પણ બંધ મળ્યા, મૃતક વિદ્યાર્થીના પરિજનોના પુરાવાના નાશ કર્યાના આક્ષેપ

સુરતઃ સુરતના 14 વર્ષના વિદ્યાર્થી મયંક ઝાના આપઘાત કેસમાં રહસ્ય વધુ ઘેરૂં બનતું જાય છે. હવે એવું સામે આવી રહ્યું છે કે શાળાના એન્ટ્રી-એક્ઝિટ અને આચાર્યની ચેમ્બરના સીસીટીવી જ બંધ હાલતમાં છે. જેથી આચાર્યએ વિદ્યાર્થીને તમાચો માર્યો હતો કે કેમ તે હવે પોલીસ કઇ રીતે સાબિત કરશે? પોલીસે આજે શાળાના સંચાલકો અશોક ત્રિવેદી અને પ્રદીપ પંડ્યાના નિવેદન લીધા છે.

સ્કૂલમાં મુખ્ય પ્રવેશ અને એક્ઝિટ પરના તથા આચાર્યની કેબિનની અંદરના સીસીટીવી રહસ્યમય રીતે બંધ હાલતમાં છે. પરિવારના આક્ષેપ મુજબ વિદ્યાર્થીઓને ન્યાય ન મળે તે માટે શાળા સંચાલન દ્વારા સાવચેતીપૂર્વક પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ થયો છે. DVR હાલમાં FSLમાં મોકલાઇ ચુક્યા છે, પરંતુ તેમાંથી માહિતી મળવાની સંભાવના ઓછી છે. મૃતક વિદ્યાર્થી મયંક ઝા 30મી તારીખે શાળાના

...અનુસંધાન પાના 10 પર

### સરકારી શાળાના શિક્ષક અશોક ત્રિવેદી કેમ આટલી દખલ કરતા હતા?

એવું સામે આવ્યું છે કે સરકારી શાળામાં ભણાવતા શિક્ષક અશોક ત્રિવેદી નિયમિત રીતે શાળાના નિર્ણયો અને દૈનિક કામગીરીમાં દખલ કરતાં હતા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને જિલ્લા શિક્ષણ અધિકારી, બંનેએ અશોક ત્રિવેદી દ્વારા શાળામાં દખલગીરીની જાહેરાત કરતા હવે ઓફિશિયલ તપાસ શરૂ કરવામાં આવી છે. એક સરકારી શિક્ષક કોઈ ખાનગી શાળાના સંચાલનમાં દખલ કરે તે સ્પષ્ટ રીતે નિયમ વિરુદ્ધ છે

### મનપાની શિક્ષણ સમિતિની ઉનની શાળાના શિક્ષક સચિનની સરસ્વતી હિન્દી વિદ્યાલયના સંચાલક!

સુરતઃ ઉનની શિક્ષણ સમિતિની એક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરનારા અશોકભાઈ, સચિનની સરસ્વતી હિન્દુ વિદ્યાલયના ટ્રસ્ટી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. સમિતિની શાળાના પગારદાર શિક્ષક આ રીતે કોઈ શાળામાં ટ્રસ્ટી હોય તો તે ગેરકાયદે, નિયમ વિરુદ્ધ હોવાથી જિલ્લા શિક્ષણ વિભાગની કચેરી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.શિક્ષણ સમિતિની

...અનુસંધાન પાના 10 પર

# વાપીના બગવાડા ટોલનાકા પાસે ખાડાની સમસ્યા દૂર કરવા હાઈવે સીસી રોડ બનાવશે

**હાલમાં** જ્યાં જ્યાં લાંબા-લાંબા ખાડા પડ્યા છે ત્યાં ત્યાં સીસી રોડની કામગીરી શરૂ કરી હોવાનો હાઈવે ઓથોરિટીનો દાવો

**CC** રોડ માટે એક્સપ્રેસ હાઈવે માટેની મશીનરી મંગાવીને કામે લગાડવામાં આવી, અન્ય સ્થળે પણ જરૂર પડશે તો સીસી રોડ કરાશે

સુરતઃ સુરતથી મુંબઈ જતી વખતે નેશનલ હાઈવે પર વાપી નજીકના બગવાડા ટોલનાકા પાસે પડેલા ખાડાઓને કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થાનિકો દ્વારા આ મુદ્દે આંદોલન પણ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે જ્યાં વારંવાર લાંબા-લાંબા ખાડાઓ પડે છે ત્યાંના રસ્તાઓને સીસી રોડ કરવાનો નિર્ણય હાઈવે ઓથોરિટી દ્વારા કરવામાં આવ્યો છે. હાલમાં ભિલાડ પાસે આ પ્રકારની કામગીરી શરૂ પણ કરી દેવામાં આવી છે. વલસાડમાં પણ આ પ્રકારની કામગીરી શરૂ થઈ છે. એક વખત રોડ સીસી થઈ ગયા પછી તેમાં ખાડાઓ પડવાની સંભાવના રહેતી નથી.

વાપી નજીક આવેલા બગવાડા ટોલનાકા પાસે ને.હા.નં.48ની બંને બાજુએ રસ્તાઓ ખૂબ જ બિસમાર હાલતમાં છે. વરસાદને કારણે રસ્તા પર ઠેર ઠેર પાણી ભરાયેલું હોય છે. જેના લીધે વાહનચાલકોને કલાકો સુધી ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. મસમોટા ખાડાઓને કારણે વાહનોને નુકસાન થઈ રહ્યું છે અને અકસ્માતની ઘટનાઓ પણ વધી રહી છે. ઉપરાંત ટોલ ટેક્સની રકમ ચૂકવવા છતાં સારી ગુણવત્તાવાળા રસ્તાઓની સુવિધા ન મળતાં વાહનચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મામલે શુક્રવારે રાત્રે ટેક્સી એસોસિએશનના સભ્યો અને સ્થાનિક લોકોએ બગવાડા ટોલ પ્લાઝા ખાતે એકઠા થઈને રોડ પણ બ્લોક કર્યો હતો અને વિરોધીઓએ રસ્તા પર બેસીને નારેબાજી કરી અને NHAI સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. પરિણામે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

બગવાડા નાકા પાસે આ સ્થિતિને

...અનુસંધાન પાના 10 પર

### ગયા વર્ષે જ્યાં ખાડા પૂર્યા ત્યાં આ વખતે ખાડા પડ્યા નથી, આ વર્ષે પણ એવી જ કામગીરી કરાશે: PDU સંજય યાદવ

ભરૂચથી ભિલાડ સુધીનો હાઈવેની કામગીરીનો હવાલો સંભાળતા એનએચઆઈએના સુરત વિભાગના પ્રોજેક્ટ ડાયરેક્ટર સંજય યાદવે જણાવ્યું હતું કે, ગત વર્ષે પણ નેશનલ હાઈવે નં.48 પર નવસારીથી ભિલાડ વચ્ચે જે જે જગ્યાએ ખાડાઓ પડ્યા હતા તેની યોગ્ય મરામત કરવામાં આવી હતી. જેથી તે જગ્યાએ આ વર્ષે ખાડા પડ્યા નથી. આ વર્ષે પણ જ્યાં જ્યાં ખાડા પડ્યા છે તે જગ્યા આઈડેન્ટિફાય કરવામાં આવી રહી છે અને તેને પણ એવી રીતે પૂરવામાં આવશે કે જેથી ભવિષ્યમાં ખાડા પડે નહીં.

# શહેરની અનેક પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો બેગનો ભાર હળવો કરતો 'બેગલેસ ડે' ઉજવાયો

**ઘણી** સ્કૂલ પાસે ડ્રોઈંગ, મ્યુઝિક કે બીજી એક્ટિવિટી કરાવી શકે તેવા શિક્ષકોનો અભાવ છે

સુરતઃ નવી શિક્ષણ નીતિ હેઠળ સરકારે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં 10 શનિવાર બેગલેસ ડે રાખવાનો અને પહેલા સત્રના આઠ શનિવાર જોયફુલ ડે તરીકે રાખવાનો પરિપત્ર કર્યો છે. જેના પગલે આજે પહેલા શનિવારે શહેરની અનેક શાળાઓમાં દિવસ બેગલેસ રહ્યો હતો, જો કે ઘણી શાળાઓએ

...અનુસંધાન પાના 10 પર



(તસવીર : હેમંત ડેરે)

### શાળાઓએ ટાઈમ ટેબલમાં ફેરફાર કરવા પડશે

સ્કૂલમાં બાળકોને અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી જ હોય છે. જે સપ્તાહમાં અલગ અલગ દિવસે હોય છે. તેની જગ્યાએ હવે શનિવારે તમામ પિરિયડ ઈતર પ્રવૃત્તિ માટે રાખવાનો વિચાર કરી શકાય છે. સ્કૂલોએ જોયફુલ ડે અને બેગલેસ ડે માટે પોતાના ટાઈમ ટેબલમાં થોડા ફેરફારો કરવા પડશે. બાકી આ એક આવકારદાયક પહેલ છે.

# કમોડ પર બેસીને વર્ચ્યુઅલી કોર્ટ સમક્ષ હાજર થવાના કેસમાં તિરસ્કારની કાર્યવાહી

**કીમના** સોશિયલ મીડિયામાં વિડીયો વાઇરલ થયો હતો

અમદાવાદ : સુરતનો એક અરજદાર ગુજરાત હાઈકોર્ટની વર્ચ્યુઅલ સુનાવણીમાં શૌચાલયમાં બેસીને અને દેખીતી રીતે શૌચક્રિયા કરતો હોય તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો . આ કેસમાં હવે ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે સુરતના અરજદાર સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી હાથ ધરી છે.

જસ્ટીસ એ એસ સુપેહિયા અને જસ્ટીસ આર ટી વાચ્છાણીની બનેલી ડિવિઝનલ બેન્ચે મીડિયા રિપોર્ટસના આધારે સમગ્ર બાબતને સુઓમોટા કાર્યવાહી તરીકે હાથ પર લઈને મહત્વના આદેશમાં એવુ સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલો આ વીડિયો ન્યાયતંત્રની છબીને નુકસાનકર્તા હોઈ તેને તાત્કાલિક અસરથી ડિલીટ કરવો

...અનુસંધાન પાના 10 પર

# પાંડેસરામાં રસ્તાના ગંદા વરસાદી પાણીમાં શાકભાજી ધોતા ફેરિયાને 500 રૂપિયાનો દંડ

**વિડીયો** વાઈરલ થતાં આરોગ્ય તંત્રએ ફેરિયાને શોધી કાઢ્યો

સુરત : સુરતના પાંડેસરા વિસ્તારમાં એક શાકભાજી વિક્રેતા રોડ પર ભરાયેલા ગંદા વરસાદી પાણીમાં શાકભાજી ધોતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ વિડિયો જોઈને મનપાનું આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું હતું



અને આ ફેરીયાને ઓળખી કાઢીને તેને 500 રૂપિયાનો દંડ કર્યો હતો

...અનુસંધાન પાના 10 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન – બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્ની સ્વ. ભાનુમતી ઠાકોરભાઈ પટેલ નું દુઃખદ અવસાન તા.૦૨/૦૭/૨૦૨૫ ને બુધવારના રોજ થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના..
સદ્દગતનું બેસણું : તા. ૦૭/૦૭/૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નોંધ :લૌકિક રિવાજ તેમજ ભેટપ્રથા, પોતપ્રથા બંધ છે.
લિ.
ઠાકોરભાઈ બાલુભાઈ પટેલ (પતિ)
મેહુલકુમાર ઠાકોરભાઈ પટેલ (પુત્ર)
છગનભાઈ બાલુભાઈ પટેલ (દિયર) — લતાબેન છગનભાઈ પટેલ
સ્વ. મનસુખભાઈ બાલુભાઈ પટેલ (દિયર)
કાંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ (દિયર) — સારદાબેન કાંતિભાઈ પટેલ
બુધિયાભાઈ ડાહ્યાભાઈ પટેલ (દિયર) — ભાનુબેન બુધિયાભાઈ પટેલ
ચેતન કે પટેલ (ભત્રીજા) — સ્નેહાબેન ચેતન પટેલ
મયુર બી પટેલ (ભત્રીજા) — હેમાબેન મયુર પટેલ
પરીન, જીગો, જશ, વંશ, ફેરી, વિહા, નેહા
સ્વ. ભાનુમતી ઠાકોરભાઈ પટેલ
જન્મ તા.૦૮/૦૮/૧૯૬૨
મરણ તા.૦૨/૦૭/૨૦૨૫
સ્થળ : ૪૪, રામનગર, ભેસ્તાન, સુરત.

ભાવભીની શ્રદ્ધાંજલિ




આપની અણધારી ચિરવિદાય બાદ આપની પુણ્યસ્મૃતિ તથા આપનો સદા હસતો ચહેરો અમને હરપળે યાદ આવે છે.
આપ તો જીવીને સર્વેની ચાહના મેળવી ગયા,
આપ ચિરંજીવ હતા અને રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
હેમંતભાઈ નગીનભાઈ પટેલ (જમાઈ) — મોનિકા હેમંત પટેલ (પુત્રી)
સંકેતભાઈ નટવરભાઈ પટેલ (જમાઈ) — કિષ્નાબેન સંકેતભાઈ પટેલ (ભત્રીજી)
બળવંતભાઈ ભીખુભાઈ પટેલ (જમાઈ) — તરૂણાબેન બળવંતભાઈ પટેલ (ભત્રીજી)
કલ્પનાબેન કાન્તિ પટેલ (ભત્રીજી)
દૈવિકભાઈ પ્રકાશભાઈ પટેલ — રીયાબેન દૈવિકભાઈ પટેલ
કેવિન, શ્લોક, શ્રીવા
સ્વ. ભાનુમતી ઠાકોરભાઈ પટેલ
જન્મ તા.૦૮/૦૮/૧૯૬૨
મરણ તા.૦૨/૦૭/૨૦૨૫

૨૧ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આપનું કર્મશીલ જીવન વંદનીય હતું, આપના ઉંચા અને સાચા આદર્શો આજ પણ અમારા જીવન-પથને અલૌકિક કરે છે, અમે એ જ આદર્શોનું અનુકરણ કરીને આપને શ્રદ્ધાસુમન અર્પિત કરીએ છીએ.
લિ.
ગં.સ્વ. સુશીલાબેન શશીકાંત ઢબુવાલા
પ્રકાશચંદ્ર શશીકાંત ઢબુવાલા — શિવાંગ પ્રકાશચંદ્ર ઢબુવાલા
અતુલભાઈ શશીકાંત ઢબુવાલા — જેયુર અતુલભાઈ ઢબુવાલા
પંકજભાઈ શશીકાંત ઢબુવાલા — આયુષી પંકજભાઈ ઢબુવાલા
સ્વ. શશીકાંત કાલીદાસ ઢબુવાલા
આષાઢ સુદ અગીયારસ
સ્વ. તા.: ૩૦/૦૬/૨૦૦૪
૪૯, હરીઓમનગર સોસા, આનંદમહેલરોડ, સુરત
સ્વ. કાલીદાસ છગનલાલ ઢબુવાલા સમસ્ત પરિવાર

૧૪ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જગતની દરેક સમૃધ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા કયાંય નહી મળે,
જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં ગુંજયા કરે
અથાગ કઠોર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કાર આપી જીવન જીવવાની રાહ શીખવી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.
લિ.
બાબુભાઈ મગનભાઈ પટેલ
રમેશભાઈ મગનભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્વ. મગનભાઈ દયાળભાઈ પટેલ
સ્વ. તા. ૦૬/૦૭/૨૦૧૧
સ્થળ : કુંભાર ફળિયું, વેસુ ગામ, સુરત.